eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 279
July 08, 2011

## સુરત મહાનગરપાલિકાના ડે. કમિશ્નરશ્રી (પ. અને ઈ.) શ્રી સી.જે.ગામીત વયમયાર્દાને કારણે ૩૦ મી જુન,૨૦૧૧ના રોજ નિવૃત્ત થયા



સુરત મહાનગરપાલિકાના ડે.કમિશ્નરશ્રી (પ અને ઈ) શ્રી સી.જે.ગામીત વયમર્યાદાને કારણે ૩૦મી જુન ૨૦૧૧ ના રોજ નિવૃત્ત થાય છે. તેઓ સુરત મહાનગરપાલિકામાં ૧૯૯૦ માં આસીસ્ટન્ટ કમિશ્નર (પ. અને ઈ.) તરીકે નોકરીમાં જોડાયા અગાઉ રાજય સરકારશ્રીના જિલ્લા ઉધોગ કેન્દ્રમાં ૧૦ વર્ષની ફરજ બજાવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૦૨/૦૭/૨૦૧૧ ના રોજ અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્ર,અલથાણ ટેનામેન્ટ પાસે, ભટાર, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કવિશ્રી સ્નેહરશ્મિ બોટનિકલ ગાર્ડન તથા સ્વ.શેઠ શ્રી નવિનચંદ્ર મફતલાલ ઉદ્યાનમાં પ્રવેશ બાબત

સુરત મહાનગરપાલિકા હસ્તકના વેસ્ટ (રાંદેર) ઝોનમાં ઉગત ખાતે રાંદેર વારિગૃહની સામે આવેલ કવિશ્રી સ્નેહરશ્મિ બોટનિકલ ગાર્ડન તથા સાઉથ (ઉધના) ઝોનમાં ભેસ્તાન જીયાવ–બુડિયા રોડ પર આવેલ સ્વ. શેઠ શ્રી નવિનચંદ્ર મફતલાલ ઉદ્યાનમાં તા. ૦૧/૦૭/૧૧ થી જાહેર જનતા/મુલાકાતીઓને મહાનગરપાલિકા ધ્વારા નિયત કરેલ પ્રવેશ ફી લઈ પ્રવેશ આપવામાં આવશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકાના ડે. કમિશ્નરશ્રી (પ. અને ઈ.) શ્રી સી.જે.ગામીત વયમયાર્દાને કારણે ૩૦ મી જુન,૨૦૧૧ના રોજ નિવૃત્ત થયા




૧) સુરત મહાનગરપાલિકાના ડે.કમિશ્નરશ્રી (પ અને ઈ) શ્રી સી.જે.ગામીત વયમર્યાદાને કારણે ૩૦મી જુન ૨૦૧૧ ના રોજ નિવૃત્ત થાય છે. તેઓ સુરત મહાનગરપાલિકામાં ૧૯૯૦ માં આસીસ્ટન્ટ કમિશ્નર (પ. અને ઈ.) તરીકે નોકરીમાં જોડાયા અગાઉ રાજય સરકારશ્રીના જિલ્લા ઉધોગ કેન્દ્રમાં ૧૦ વર્ષની ફરજ બજાવી હતી.

૨) સુરત મહાનગરપાલિકામાં તેઓએ નોકરીની શરૂઆતથી અત્યાર સુધી વિવિધ વિભાગોમાં પોતાની સેવા આપી છે. જેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| મધ્યસ્થ મહેકમ | તા. ૦૨/૦૪/૧૯૯૦ થી તા. ૦૯/૦૮/૧૯૯૯<br>તા.૧૪/૦૭/૨૦૦૩ થી અત્યાર સુધી |
| મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) | તા. ૦૨/૦૪/૧૯૯૦ થી તા. ૦૨/૦૬/૨૦૦૬ |
| મધ્યસ્થ મહેકમ (પેન્શન) | તા. ૦૨/૦૪/૧૯૯૦ થી અત્યાર સુધી |
| મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) | તા. ૦૨/૦૪/૧૯૯૦ થી અત્યાર સુધી |
| મધ્યસ્થ મહેકમ (લીગલ) | તા. ૧૭/૧૧/૨૦૦૭ થી અત્યાર સુધી |
| તાલીમ/સેમીનાર, યુનીયન મેટર,કોર્ટ કેસ, એચ.આર.ડી. | તા. ૦૨/૦૪/૧૯૯૦ થી અત્યાર સુધી |

આ ઉપરાંત તેઓએ

- જનસંપર્ક વિભાગ,
- ગુમાસ્તા ધારા,
- યુ.સી.ડી.,
- મધ્યાહન ભોજન યોજના,
- રેકર્ડ, પ્રેસ,
- કાયદા ખાતુ,
- ઈલેકશન એન્ડ સેન્સસ,
- સુમન હાઈસ્કુલ,
- પ્રોફેશનલ ટેક્ષ,
- નગર પ્રાથમિક શિક્ષણ,
- સાંસ્કૃતિક વિભાગ,
- આર.ટી.આઈ. સેલ ની કામગીરી સંભાળેલ છે.

૩) તદપુરાંત તેઓએ ઝોનલ ચીફ તરીકે બજાવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| નોર્થ ઝોન | તા.૦૮/૦૫/૧૯૯૫ થી ૦૪/૧૨/૨૦૦૦<br>તા.૧૭/૦૭/૨૦૦૩ થી અત્યાર સુધી |
| સેન્ટ્રલ ઝોન | તા. ૦૫/૧૨/૨૦૦૦ થી ૨૨/૧૦/૨૦૦૧ |
| વેસ્ટ ઝોન | તા. ૨૩/૧૦/૨૦૦૧ થી ૧૪/૦૭/૨૦૦૩ |

**Continue …**

**ડે.કમિશનરશ્રી (પ. અને ઈ.) શ્રી સી.જે.ગામીતની સિધ્ધિઓ:**

૧) તા.૦૮/૧૨/૧૯૯૨ થી તા.૧૭/૧૨/૧૯૯૨ દરમ્યાન શહેરમાં ફાટી નીકળેલ કોમી રમખાણો દરમ્યાન શહેરમાં સંપૂર્ણ કરફયુ લાદવામાં આવ્યો હતો. છતાં પણ ફરજ ઉપર હાજર રહી ફરજ પ્રત્યેની જે નિષ્ઠા દાખવી પ્રશંસનીય કામગીરી કરવા બદલ તત્કાલીન મ્યુ.કમિશનરશ્રી તરફથી પ્રશંસાપત્ર આપવામાં આવેલ છે.

૨) શ્રી સી.જે.ગામીત સાહેબની પ્રામાણિકતા, મહેનતુ અને નિષ્ઠાપૂર્વકની કામગીરી માટે તથા સને ૧૯૯૪ના વર્ષમાં ફાટી નીકળેલ ભયંકર પ્લેગના રોગચાળાના સમય દરમ્યાન બજાવેલ કામગીરી તથા ઝોનમાં તેઓનું ફિલ્ડ વર્ક બાબતે પ્રશંસનીય કામગીરી માટે સને ૧૯૯૫ના વર્ષના મ્યુ.કમિશનરશ્રી બળવંતસિંહ સાહેબ ધ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

૩) સને ૧૯૯૧ના વર્ષમાં મુકેશ ડાઈંગ હોનારતમાં બચાવ કામગીરી દરમ્યાન સુરત મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના કર્મચારીઓના અવસાન થયેલ. તે સમયે તેઓના વારસદારની આર્થિક મુશ્કેલીઓ ધ્યાને રાખીને શ્રી ગામીત સાહેબ ધ્વારા અંગત રસ દાખવીને ગ્રુપ સેવીંગ્સ લીંક ઈન્સ્યોરન્સ યોજના માટે જીવન વીમા નિગમ સાથે ચર્ચા–વિચારણા કરી આ યોજનાને સને ૧૯૯૪ થી સાકાર કરવામાં આવી ત્યારબાદ સને ૧૯૯૫ થી આ યોજના ફરજિયાત બનાવવામાં આવી. જેનાથી આજ દિન સુધીમાં સુરત મહાનગરપાલિકાના ૧૩૧૭ કર્મચારીઓના અવસાન બાદ તેમના કુટુંબીજનોને આર્થિક રાહત પેટે કુલ રૂા. ૧૧ કરોડ ચુકવવામાં આવેલ છે.

૪) ગુજરાત સરકારશ્રી દ્વારા રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થયેથી ગત આખા વર્ષ દરમ્યાન સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અંતર્ગત યોજાયેલ વિવિધ હેતુલક્ષી કાર્યક્રમોને સુપેરે પાર પાડી તેઓએ મોટુ યોગદાન આપેલ છે.

૫) ગુજરાત સરકાર દ્વારા મહાનગરપાલિકાઓ માટે આવકના સ્ત્રોતરૂપે રજુ કરેલ પ્રોફેશનલ ટેક્ષના કાયદાની અમલવારી કરી આયોજનબધ્ધ વહીવટને કારણે જકાતની આવકના વિકલ્પરૂપે સુરત મહાનગરપાલિકા માટે મહત્વનો ફાળો આપેલ છે.

૬) મહેકમ વિભાગ હેઠળ કર્મચારીઓનો સર્વિસ રેકર્ડની જાળવણી અને કમ્પ્યુટરાઈઝેશન ધ્વારા છઠ્ઠા પગારપંચનો લાભ કર્મચારીઓને તેમજ પેન્શનરોને ખુબ જ ટુંકા ગાળામાં અપાવવાનું શ્રેય તેઓને જાય છે.

૭) સુરત મહાનગરપાલિકાના માન્ય વિવિધ યુનિયનો સાથે જે તે સમયે સુસંકલન સાંધી જે તે પ્રશ્નોના નિરાકરણ કરવામાં આવેલ. તેમજ કોર્ટ મેટર જેવી લાંબા ગાળાની કામગીરીનું પણ યોગ્ય અને ઝડપથી નિરાકરણ લાવવા પ્રશંસનીય પ્રયત્નો કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૦૨/૦૭/૨૦૧૧ ના રોજ અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્ર,અલથાણ ટેનામેન્ટ પાસે, ભટાર, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મા.મેયરશ્રીરાજેન્દ્ર એ.દેસાઈ, ડે.મેયરશ્રીમતિ છાયાબેન ભુવા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર શકલનારાયણ સિંહ, આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ.વર્ષાબેન રાણા, રૂગ્ણાલય સમિતિ અધ્યક્ષા કુ.પારૂલબેન ભારતી, મ્યુનિ.સદસ્યશ્રી રાજેશભાઈ દેસાઈ, શ્રીબળવંતભાઈ પટેલ, મ્યુનિ.સદસ્યાશ્રીમતિ કલ્પનાબેન અટોદરીયા, મ્યુનિ.કમિશનર કુ.એસ.અપર્ણા, અઠવાઝોનના ઝોનલ ચીફ શ્રી પી.જે.ઝાલા, કાર્યપાલક ઈજનેરશ્રીએ.જી.ખાટીવાલા, નાયબ આરોગ્ય અધિકારી ડો.પ્રદિપ ઉમરીગર, ડો.કલ્પેશ ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી/ કર્મચારીઓ હાજર રહયા હતા.

નાયબ આરોગ્ય અધિકારી ડો કે.આઈ.ખત્રીએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતું. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા છેલ્લા પાંચ વર્ષથી વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પોનું આયોજન કરે છે. ''સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન/સારવાર આપવામાં આવે છે. જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે. જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર/નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે. નાગરીકોને આવા વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યું.

આરોગ્ય સમિતિ અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબને રાણાએ પ્રાસંગિક પ્રવચનમાં આ વિસ્તારના રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા,આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તથા આ વિસ્તારને સુંદર અને સ્વચ્છ રાખવા મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા જણાવ્યું હતું.

શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર શકલનારાયણ સિંહે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુકે, આ વર્ષનો આ પ્રથમ મેડીકલ કેમ્પ છે. સુરત શહેરનો ખુબજ ઝડપથી વિકાસ થઈ રહયો છે. જેની સાથે સાથે સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉત્તમ પ્રકારની આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત જાગૃત છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા તમામ ઝોનમાં સ્લમ – સ્લમલાઈક વિસ્તારોમાં પ્રતિ વર્ષ વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પો યોજે છે. જેનો લાભ લેવા નાગરીકોને વિનંતી કરેલ. મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી નાગરિકોને સ્વચ્છતા અંગે કાળજી રાખવા,યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તથા મેડીકલ કેમ્પનો લાભ લેવા જણાવ્યું હતું''.

**Continue …**

મા. કમિશ્નર કુ. એસ. અપર્ણાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતુ કે, સુરત મહાનગરપાલિકા શહેરીજનોની સુખાકારી માટે જાગૃત છે. મધ્યમ તથા ગરીબ વર્ગના નાગરીકોને ઘરઆંગણે વિના મૂલ્યે તબીબી સારવારનો લાભ મળી રહે તે માટે આવા કેમ્પો યોજવામાં આવે છે જેમાં નિષ્ણાંત ડોકટરો મારફતે નિદાન કરી સારવાર આપવામાં આવે છે. આ વિસ્તારના રહીશોને મહાનગરપાલિકા તરફથી તો સારી સુવિધા આપવામાં આવી જ છે સાથે વિસ્તારને સુંદર અને સ્વચ્છ રાખવા, ગમે ત્યાં કચરો ન નાખવા જણાવ્યું હતું. તેમજ બાળકોને યોગ્ય શિક્ષણ આપવા મા–બાપને અનુરોધ કર્યો હતો.

મા.ડે.મેયરશ્રીમતિ છાયાબેન ભુવાએ જણાવ્યું હતું કે, આરોગ્ય લક્ષી પ્રદર્શનનો જાહેર જનતાને લાભ લેવા અનુરોધ કર્યો હતો તથા પ્રદર્શનમાં બતાવ્યા મુજબ આપણા ઘરની આસપાસ પાણીનો ભરાવો ન થાય અને મચ્છરની ઉત્તપત્તિ ન થાય તેની ખાસ કાળજી રાખવા જણાવેલ. ખાસ કરીને ચોમાસા દરમ્યાન બહારનો ખુલ્લો ન ખાવા અને બાળકોનું નિયમિત રસીકરણ કરવા જણાવેલ.

મા.મેયરશ્રીરાજેન્દ્રભાઈ દેસાઈએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, '' પહેલુ સુખ તે જાતે નર્યા '' નાગરીકોએ જાગૃત રહીને પોતાનું ઘર, આંગણું સ્વચ્છ રાખવું જોઈએ. ઘરનો કચરો ગમે ત્યાં ન નાંખતા ડોર ટુ ડોર કચરા ગાડી આવે ત્યારે તેમને જ કચરો આપવા જણાવેલ. મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે આરોગ્ય લક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે જેમાં પાણી જન્ય/પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની જાણકારી આપવામાં આવે છે. સ્થાનિક રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા તથા યોજવામાં આવેલ પ્રદર્શન નિહાળી તેનો અમલ કરવા જણાવ્યુ હતું''.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો અલથાણ શહેરી આરોગ્યની આસપાસ વિસ્તારના કુલ ૫૫૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૫૪, ચામડીના નિષ્ણાત દ્વારા ૬૬, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૫૭, બાળરોગ નિષ્ણાત દ્વારા ૩૯, ફિઝીશયન દ્વારા ૪૭, સર્જન દ્વારા ૦૬, મેડીકલ ઓફીસર દ્વારા ૭૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૦૮, દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૦૯ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.૨૧ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૧૧૫૭ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૧૦, ઓરલ પીલ્સ ૦૫ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૩૩૦, ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૧૨ બાળકને બી.સી.જી. ૦૧ બાળકોને ડીપીટી ૦૬ બાળકોને પોલીયો અને ૦૨ બાળકોને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડો.હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ–** આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખઃ૦૯/૦૭/૧૧ના રોજ ગોડાદરા શહેરી આરોગ્ય કેન્દ્ર, જુના જકાત નાકા પાસે, ગોડાદરા મેઈન રોડ, સુરત ખાતે રાખવામાં આવેલ છે.જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

**TOP**

## કવિશ્રી સ્નેહરશ્મિ બોટનિકલ ગાર્ડન તથા સ્વ.શેઠ શ્રી નવિનચંદ્ર મફતલાલ ઉદ્યાનમાં પ્રવેશ બાબત

સુરત મહાનગરપાલિકા હસ્તકના વેસ્ટ (રાંદેર) ઝોનમાં ઉગત ખાતે રાંદેર વારિગૃહની સામે આવેલ કવિશ્રી સ્નેહરશ્મિ બોટનિકલ ગાર્ડન તથા સાઉથ (ઉધના) ઝોનમાં ભેસ્તાન જીયાવ–બુડિયા રોડ પર આવેલ સ્વ. શેઠ શ્રી નવિનચંદ્ર મફતલાલ ઉદ્યાનમાં તા. ૦૧/૦૭/૧૧ થી જાહેર જનતા/મુલાકાતીઓને મહાનગરપાલિકા ધ્વારા નિયત કરેલ પ્રવેશ ફી લઈ પ્રવેશ આપવામાં આવશે. ગાર્ડનનો સમય નીચે જણાવ્યા મુજબ રહેશે. જેની જાહેર જનતા તથા લાગતા વડગતાએ નોંધ લેવી.

| ક્રમ | બાગનું નામ | મુલાકાતનો સમય |
|---|---|---|
| ૧ | કવિશ્રી સ્નેહરશ્મિ બોટનિકલ ગાર્ડન | સવારે ૦૯.૦૦ કલાક થી સાંજે ૦૬.૦૦ કલાક સુધી |
| ૨ | સ્વ.શેઠશ્રી નવિનચંદ્ર મફતલાલ ઉદ્યાન | સવારે ૦૮.૦૦ કલાક થી બપોરે ૧૨.૦૦ કલાક,<br>સાંજે ૦૪.૦૦ કલાક થી રાત્રે ૧૦.૦૦ કલાક સુધી<br>સવારે ૬.૦૦ કલાક થી ૮.૦૦ કલાક મોર્નીગ વોકર્સ માટે |

TOP